ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૨૩.૧૨.૨૦૧૮

# જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપાનો ભવ્ય વિજય

---------------

## પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં વિજયોત્સવ યોજાયો

---------------

## ત્રણ રાજ્યોની ચૂંટણીના પરિણામો પછી આનંદના અતિરેકમાં કોંગ્રેસે અપપ્રચાર કર્યા હતા, જુઠ્ઠાણાં ફેલાવ્યા હતા તેનો સજ્જડ જવાબ જનતાએ આજે કોંગ્રેસને આપી દીધો છે - શ્રી વિજયભાઈ રૂપાણી

---------------

## આજની ભવ્ય જીત એ આગામી લોકસભા ચૂંટણીની ૨૬ માંથી ૨૬ બેઠકોની જીતનો સંકેત છે - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------------

આજરોજ જસદણ પેટા ચૂંટણીમાં ભાજપાના ભવ્ય વિજયની ઉજવણી પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં વિજયોત્સવ સ્વરૂપે કરાઈ હતી. જેમાં ગાંધીનગર, અમદાવાદના આગેવાનો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ભારત માતા કી જય, વંદે માતરમ્‌ના નારા સાથે સમગ્ર વાતાવરણ કેસરીયો બની ગયો હતો. ઢોલ-નગારાં-ત્રાંસા વગાડી, ફટાકડા ફોડી વિજયની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકર્તાઓએ પરસ્પર મિઠાઈ ખવડાવી આજના આ વિજયને વધાવી લીધો હતો. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ આગેવાન શ્રી મહેશભાઈ કસવાલા સહિત પ્રદેશ, ગાંધીનગર અને અમદાવાદના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે વિજયોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મીડીયાને સંબોધતા જણાવ્યું હતું કે, જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીના પરિણામોમાં આશરે ૨૦,૦૦૦ જેટલા મતોથી ભાજપાનો વિજય થયો છે. ત્રણ રાજ્યોના પરિણામો પછી કોંગ્રેસે ઉત્સાહના અતિરેકમાં અનેક પ્રકારના જુઠ્ઠાણાં ફેલાવી અપપ્રચાર જસદણ ખાતે કર્યો હતો. પરંતુ જસદણની પ્રજાએ પરિપક્વ રીતે ભાજપાના શ્રી કુંવરજીભાઈ બાવળીયાને આશરે ૨૦,૦૦૦ જેટલા જંગી મતોથી વિજય અપાવ્યો છે. ગઈ વખતે શ્રી કુંવરજીભાઈ બાવળીયા આશરે ૯,૦૦૦ મતોથી જીત્યા હતા અને હવે ૨૦,૦૦૦ જેટલા મતોથી જીત્યા છે તે દર્શાવે છે કે, આ જીત ભાજપાના કમળની જીત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિની જીત છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરાયેલ વિકાસના કાર્યોની જીત છે. ભાજપા અને કોગ્રેસના મતદારોએ ભેગા મળીને ભાજપાને ખોબલે ને ખોબલે મતો આપ્યા છે. દરેક રાઉન્ડની મતગણતરીમાં શ્રી કુંવરજીભાઈની લીડ હતી તે દર્શાવે છે કે, સમગ્ર વિસ્તારમાં દરેક વર્ગોએ અને સમાજે ભાજપાને અઢળક પ્રેમ આપ્યો છે અને ભાજપામાં વિશ્વાસ દર્શાવ્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કોંગ્રેસની જુઠ્ઠાણાં અને અપપ્રચારની રાજનીતિ સામે તીવ્ર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ત્રણ રાજ્યોની ચૂંટણીના પરિણામો પછી આનંદના અતિરેકમાં કોંગ્રેસે અપપ્રચાર કર્યા હતા, જુઠ્ઠાણાં ફેલાવ્યા હતા તેનો સજ્જડ જવાબ જનતાએ આજે કોંગ્રેસને આપી દીધો છે. કોંગ્રેસ જુઠ્ઠાં વચનો આપે છે અને પ્રજાને ગેરમાર્ગે દોરે છે તેની સામે ભાજપાએ વિકાસના નક્કર કામો કર્યા છે તે પ્રજા સમક્ષ છે. કોંગ્રેસની આ કૂટનીતિને ગુજરાતની પ્રજા સારી રીતે જાણી ગઈ છે. તેથી જ સતત છઠ્ઠી વખત ગુજરાતની જનતાએ સેવા કરવાનો મોકો આપ્યો છે. ભાજપાએ કોંગ્રેસની ગઢ ગણાતી જસદણ વિધાનસભામાં સેંધ મારી છે અને હવે ગુજરાતમાં ભાજપાના ધારાસભ્યોની સંખ્યા ૧૦૦ થઈ ગઈ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, આજની ભવ્ય જીત એ આગામી લોકસભા ચૂંટણીની ૨૬ માંથી ૨૬ બેઠકોની જીતનો સંકેત છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ફરી એકવાર દેશની જનતાની સેવા કરવા સત્તારૂઢ થશે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નવા ભારતની સંકલ્પના પરિપૂર્ણ થશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ